


**ડૉ. ઇન્તેખાબ અનસારી**
કાર્યકારી આચાર્ય
કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ
જિ. ભરૂચ

તા. ૨૪/૧૧/૨૦૨૫

આદરણીયશ્રી ભગુભાઇ પ્રજાપતિ સાહેબ
નમસ્કાર.. વંદન...
કુશળ હશો.

જય ભારતસહ જણાવવાનું કે, શ્રી નારાયણ વિદ્યાલય, ભરૂચ દ્વારા યોજાયેલ ૧૮મા જ્ઞાનસત્રમાં રૂબરૂ ઉપસ્થિત રહી એના સાક્ષી બનવાની મૂલ્યવાન તક પ્રાપ્ત થઇ. આવી સુંદર તક આપવા માટે આપનો ખૂબ ખૂબ આભાર.

કોઇ પણ સમાજ અને રાષ્ટ્રનાં નિર્માણમાં શાળાની ભૂમિકા ખૂબ અગત્યની હોય છે. કેટલીક શાળાઓ પોતાની આ ભૂમિકા અદા કરવા માટે ખૂબ પ્રતિબદ્ધ હોય છે. અને અગ્રેસર પણ હોય છે. આવી જ એક પ્રતિબદ્ધ અને દૃષ્ટિવંત શાળા તરીકે હું શ્રી નારાયણ વિદ્યાલય, ભરૂચને ઓળખું છું. અને કદાચ સમગ્ર સમાજ એ રીતે આ શાળાને ઓળખે છે.

નારાયણ વિદ્યાલય, ભરૂચ પોતાના શૈક્ષણિક - રૂટિન કાર્ય ઉપરાંત અનેકવિધ વિચારવંત પ્રકલ્પો - વિચારોને - પ્રયોજીને પોતાનું આગવું પ્રદાન કરી રહી છે. એમાં શાળાનાં ડાયરેકટર આદરણીયશ્રી ભગુભાઇ પ્રજાપતિ સાહેબનું દૃષ્ટિવંત નેતૃત્વ કેન્દ્રમાં રહ્યું છે. આદરણીયશ્રી સાહેબની દેખરેખ, માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ શાળાનો તમામ શૈક્ષણિક વહીવટી સ્ટાફ શાળાને ઉચ્ચતમ શિખરો સર કરવા માટે સતત કટિબદ્ધ રહ્યાં છે એનો હું સાક્ષી રહ્યો છે.


દરેક વખતે કંઇક નવું કરવું - એવાં મંત્ર સાથે કાર્યરત આદરણીયશ્રી ભગુભાઇ સાહેબે લગભગ ત્રણેક માસ પૂર્વે મને ફોન કરીને એમની શાળામાં આવવા આમંત્રણ આપ્યું અને મને કામ સોંપ્યું. શાળાના તમામ શિક્ષકો / સ્ટાફ પાસે ક્રિયાત્મક સંશોધનની કરાવવું છે, અને આ વખતે ૧૮મા જ્ઞાનસત્રમાં તમામ સ્ટાફમિત્રો એમણે હાથ ધરેલા ક્રિયાત્મક સંશોધનની રજૂઆત કરે એવું કરવાનું છે. એમના આયોજન પ્રમાણે શાળાનાં તમામ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફનાં સભ્યો માટે ક્રિયાત્મક સંશોધન વિશેનો વર્ગ ગોઠવાયો. લગભગ ત્રણેક કલાકની ચર્ચામાં ક્રિયાત્મક સંશોધન વિશે વાતો કરી, ચર્ચા કરી, સંભવિત વિષયો તથા કેવાં વિષયો લઇ શકાય એ બધી વાતો પણ થઇ અને નારાયણ વિદ્યાલય, ભરૂચનાં સૌ સ્ટાફ મિત્રોએ ક્રિયાત્મક સંશોધન શરૂ કર્યુ. લગભગ ત્રણેક માસના સમય દરમિયાન સૌએ ઉત્સાહપૂર્વક એમને યોગ્ય જણાતી સમસ્યાના નિવારણ માટે વૈજ્ઞાનિક પદ્ધતિસરનાં પ્રયાસો હાથ ધર્યા. એમાં શ્રી ભગુભાઇ પ્રજાપતિનું સતત માર્ગદર્શકન પ્રાપ્ત થયું. મારી સાથે પણ સતત ચર્ચાનો સેતુ સક્રિય રહ્યો. અને ૧૮મા જ્ઞાનસત્રમાં સૌ પોતે હાથ ધરેલ ક્રિયાત્મક સંશોધનની રજૂઆત કરવા માટે સજજ થઇ ગયાં.

૧૮મા જ્ઞાનસત્રમાં સ્ટાફમિત્રોનાં ક્રિયાત્મક સંશોધનની રજૂઆત જોવા સાંભળવાનો મોકો મળ્યો. વળી આ જ ઉપક્રમે અન્ય નિર્ણાયક તરીકે પધારેલા આદરણીય ડૉ. શ્રી પિનાકીનભાઇ, યાજ્ઞિક સાહેબ, ડૉ. ધીરજભાઇ પરમાર સાહેબ, ડૉ. જયંતભાઇ શાહ સાહેબ, બોરસદ બી.એડ્. કોલેજનાં નિવૃત્ત અધ્યાપક ડૉ. શ્રી મિલન શાહ સાહેબને નિર્ણાયક તરીકેની પેનલનાં સભ્ય તરીકેનું મળવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થયું. સૌ નિર્ણાયકોને ક્રિયાત્મક સંશોધનો સ્પર્શયાં... હવે આ ક્રિયાત્મક સંશોધનની વિગત પુસ્તક સ્વરૂપે પ્રગટ થઇ રહી છે, ત્યારે હું મારી પ્રસન્નતા પ્રગટ કરું છું. અને સમગ્ર નારાયણ વિદ્યાલય, ભરૂચ પરિવારને મેનેજમેન્ટ - સ્ટાફ - વિદ્યાર્થીઓ - વાલીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. વિશેષતઃ આદરણીયશ્રી ભગુભાઇ પ્રજાપતિ સાહેબનો આભાર માનું છું. અને એમને એમના દૃષ્ટિવંત નેતૃત્વ બદલ ધન્યવાદ પાઠવું છું.

આભાર...

**શિક્ષક પોતે સંશોધક બને ત્યારે સાચો સુધારો થાય છે.**
**ક્રિયાત્મક સંશોધન વિચાર અને કાર્યનું સંશોધન છે.**

આપનો વિનમ્ર



**ડૉ. ઇન્તેખાબ અનસારી**